SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 25. પાટણના સંતશ્રી પદ્મનાભજી ભગવાનનો લોકમેળો : રેવડિયા મેળો

ડૉ. ભાવેશ કે. પ્રજાપતિ

ભારતીય સમાજ અને સંસ્કૃતિનો ઇતિહાસ અલૌકિક અને અતિપ્રાચીન છે. વિવિધતામાં એકતા ધરાવતા ભારતમાં માનવ જીવનમાં જોવા મળતી પરંપરાઓ વિદ્યમાન છે. ભારતીય સંસ્કૃતિમાં તહેવારો અને લોકમેળાઓ સાંસ્કૃતિક વિવિધતા અને સામાજિક એકતા તેમજ સામાજિક વિરાસતનો પરિચય કરાવે છે. તહેવારો અને મેળાઓ ભારતીય લોકસમાજનું અભિન્ન અંગ છે. પ્રાચીનકાળથી ભારતીય સંસ્કૃતિ કૃષિપ્રધાન હોવાથી ગુજરાતી કેલેન્ડરના પંચાંગ, ઋતુઓ અને ખેતીના કામકાજની જરૂરિયાતો સાથે ઉત્સવો અને લોકમેળાઓની ઉજવણીનો સમય ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે. લોક સંસ્કૃતિ શબ્દ વૈદિકકાળથી માનવ સમુદાય સાથે જોડાયેલો છે. માનવમેળો એક જનસમુદાયને સ્પર્શતો પ્રસંગ છે. જે લોકમેળો નામે પ્રચલિત છે. આ લોકમેળાઓ ભારત સહિત ખાસ ગુજરાતમાં પણ જોવા મળે છે. આ લોકમેળાઓ સામાન્યરીતે ચોમાસાની ઋતુમાં આવતા શ્રાવણ અને ભાદરવા માસમાં તેમજ પૂર્ણિમા અને અમાસના દિવસોમાં વધુ ભરાય છે. તો અહી 'મહ'ની સંકલ્પના સમજાવી ખૂબ જરૂરી છે.

પ્રાચીનકાળમાં મેળા માટે 'મહ' શબ્દ વપરાતો. 'મહ' શબ્દ 'મખ' શબ્દમાંથી વ્યુત્પત્ત થયો હોય એવું જણાય છે. હરિવંશપુરાણમાં પણ 'મહ' અને 'મખ' શબ્દો વપરાયા છે. પ્રાચીન સાહિત્યમાં પણ આ પ્રકારના 'મહ કે મેળાઓ'ની સૂચિ જોવા મળે છે. જેમ કે ઇન્દ્રમહ, સ્કંદમહ, રુદ્રમહ, શિવમહ, નાગમહ, જખ્મમહ વગેરે ઉત્સવો કે મેળાઓ ઉજવાતા.[૧]

મેળો એટ્લે સંસ્કૃતિનું સંગમ સ્થાન તથા સંસ્કારોની મિલન ભોમ. જ્યાં તમામ પ્રકારની કલાઓ દષ્ટિગોચર થાય છે. જેમ કે મેળામાં કાષ્ઠકળા, માટીકલા, રસોઈકળા, કાગળકળા, હાથકલા, વેશભૂષાની કળા, નાટ્યકળા વગેરે જેવી કળાઓ એક જ સ્થાને જોવા મળે છે. માનવ સમાજમાં આનંદ, ઉલ્લાસ અને હર્ષની ચેતનાના ઉમેરતા તરંગો સદાયે લોકોના હૈયામાં ચડાવનાર મેળાઓ સદાયે લોક સસ્કૃતિમાં મોખરે રહ્યા છે.[૨]

અહીં એક એવા મેળા વિશે સંશોધન લેખ લખવાનો પ્રયાસ કર્યો છે. જે કારતક માસમાં ભરાય છે. તેમજ તેનું નામાભિધાન પણ ભગવાન અને તેમની પ્રસાદી પરથી થયું છે. જે પદ્મનાભનો મેળો કે રેવડિયા મેળો તરીકે જાણીતો છે. તો સૌ પ્રથમ ભગવાન પદ્મનાભ વિશે પણ જાણવું જરૂરી થઈ પડે છે. જેમનું મંદિર પાટણ ખાતે આવેલું છે. અને તે સ્થાનિક પ્રજાપતિઓના આરાધ્ય દેવ મનાય છે.

**(ચાવીરૂપ શબ્દો** : પદ્મનાભ ભગવાન, મેળો, માનવસમાજ, લોક સંસ્કૃતિ, પાટણ)

➢ **ભગવાન પદ્મનાભ :** વિક્રમ સંવત ૮૦૨માં વીર વનરાજ ચાવડાએ મધ્યકાલીન ગુજરાતની રાજધાની તરીકે અણહિલપુર પાટણની સ્થાપના કરી. તે સમયથી પાટણ ધાર્મિક અને શિક્ષણનું કેન્દ્ર બન્યું છે. જેના ઈતિહાસની સાક્ષી સિદ્ધરાજ જયસિંહ જેવા પરાક્રમી રાજાઓ અને હેમચંદ્રાચાર્ય જેવા સંસ્કૃત વિદ્વાનો પૂરે છે. આ પવિત્ર પાટણની ભૂમિનું ધાર્મિક માહાત્મ્ય પણ એટલું જ છે. આ પવિત્ર ધરા પર સંતોની પરંપરા પણ રહી છે. એમાના એક સંતશ્રી પદ્મનાભજી પણ હતા.

પ્રજાપતિ જ્ઞાતિમાં થઈ ગયેલા આ સંતશ્રી પદ્મનાભજીનો જન્મ જૂના પાટણ(હાલ-અનાવાડા)માં વિક્રમ સંવત ૧૪૫૮(ઇ.સ.૧૪૦૨)માં ચૈત્ર સુદ પાંચમના રોજ રોહિણી નક્ષત્ર અને મેષ રાશિમાં અને શુભ દિવસ ગુરુવારે થયો હતો. તેમના પિતાનું નામ કરણ(કર્ણ) અને માતાનું નામ લક્ષ્મી હતું. એક કિવદંતી મુજબ કૃષ્ણ અને રૂકમણિજીએ આ પ્રજાપતિ કુળમાં જન્મ લીધેલો. આ દંપતી ભક્તિભાવથી જીવન જીવતું હતું. પદ્મભગતનું જીવન નાનપણથી જ ત્યાગ, તપ અને વૈરાગ્યમય હતું. પદ્મનાભનો બધો જ વ્યવહાર અલૌકિક હતો. તે બ્રાહ્મણોની જેમ વેદપાઠ અને મંત્રોચ્ચાર કરતા હતા. જાણે કોઈ પરભવના મોટા શાસ્ત્રી પંડિત હોય તેમ તેમની વાકછટા હતી. તેઓ સ્વભાવે પ્રભુભક્તિમય હતા. તેથી સ્વાભાવિક રીતે તે સોબત અને સંગ પણ સાધુ-સંતો અને વિદ્વાનોનો કરતા. આ સમય દરમિયાન તેમની પરિચય અને સંપર્ક સંત કબીર સાથે કાશીનગરીમાં થયેલો. વધુ વેદોના અભ્યાસ માટે તે એક સમયે પગપાળા ચાલીને કાશીનગરીમાં પ્રખ્યાત વૈષ્ણવપંથી રામાનુજાચાર્ય(રામાનંદજી) પાસે ગયેલા અને તેમની સેવાચાકરી કરી અને જ્ઞાન પ્રાપ્ત કરેલું. તે સમયે તેમની સાથે સંત કબીર, સંતસેન ભગત જેવા વિદ્વાનો પણ અભ્યાસ

કરતા હતા. આ બધામાં સૌથી હોંશિયાર પદ્મભગત હતા. તેથી તેમના ગુરુ તેમણે 'નાથજી' તરીકે સંબોધતા. ત્યારથી તે 'પદ્મનાભજી' તરીકે ઓળખાવા લાગ્યા.

શ્રીપદ્મનાભજી જ્યારે વેદોભ્યાસ કરીને કાશીનગરીમાંથી પરત ફર્યા, ત્યારે તેમના માતાપિતાએ તેમને સાંસારિક જીવનના ભાગરૂપે તેમના લગ્ન સંસ્કારી કન્યા પાર્વતી સાથે કર્યા. ઘણા લોકો તેને પાતાળદે પણ કહે છે. તેની પત્ની પણ ધર્મ પારાયણ હતા અને પતિની સેવામાં પોતાનું જીવન અર્પણ કરી દીધું. તેમના ગૃહસ્થજીવન દરમિયાન ચાર દીકરા અને એક દીકરી થયા. ચાર દીકરાઓના નામ હરજી, હરિદાસ, માધવદાસ અને વિષ્ણુદાસ હતા, જ્યારે પુત્રીનું નામ મચકન હતું. શ્રીપદ્મનાભજી સત્સંગી અને પ્રભુભક્તિમય એક દિવ્ય સંત જેવુ જીવન જીવતા હતા. તે સમયે પાટણના સૂબા ખાનબાદશાહએ તળાવ ખોદાવવાનું કામ પાટણમાં શરૂ કરેલું. ત્યારે સૂબાને શરીર પર એક પાઠું થયું. જે તેના દરબારી વૈદ્યોએ અથાગ પ્રયત્નો અને ઉપચાર કરવા છતાં મટયું નહીં. ત્યારે શ્રીપદ્મનાભજીએ માટીના લેપથી બાદશાહનું આ પાઠું મટાડ્યું અને તે સમયે માટીનો આયુર્વેદ પ્રયોગ પદ્મનાભે કરી બતાવ્યો. ત્યારે સૂબો તેમના ચરણોમાં પડ્યો અને શ્રીપદ્મનાભજીને જમીન ભેટરૂપે આપેલી. જ્યાં હાલ 'પદ્મવાડી' છે. આ ચમત્કારથી પાટણની જ પ્રજા નહીં પણ જ્યાં સુધી પદ્મનાભજીનું નામ જાણીતું હતું તે તમામ લોકો સ્વામીજીના દર્શને આવવા લાગ્યા. સ્વામીજી પોતાની ધૂનમાં જ સાધુ-સંતોની સેવા અને ભજન-ભોજન થકી ભક્તિમય જીવન જીવતા. તેમનામાં કોઈ અહંકાર કે કોઈ મહાન પુરુષ બનવાની ઈચ્છા લેશમાત્ર પણ ન હતી .

પાટણમાં હાલ જ્યાં પદ્મવાડી છે તે જમીન સૂબાએ આપેલી અને ત્યાં આ વાડીનું નિર્માણ થયેલું. આ પવિત્ર જગ્યાએ પદ્મભગત એકાંતમાં ભજન અને ભક્તિ કરતા. વાનપ્રસ્થાશ્રમનું જીવન તેમણે અહીં જ પસાર કરેલું અને તેમના નજીકના બ્રાહ્મણ મિત્ર ધનરાજની સાથે રહીને માટીના ક્યારા સ્વરૂપે દેવ અને ઋષિમુનિઓનું પ્રાગટ્ય કરેલું. એવું કહેવાય છે કે કારતક સુદ-૧૪(ચૌદશ)થી કારતક વદ-૫(પાંચમ) એમ સાત જ દિવસમાં સમગ્ર વાડીનું નિર્માણ કરેલું. આથી જ હાલમાં પણ દર વર્ષે આ સાત દિવસો દરમિયાન ઉત્સવ ઉજવાય છે, મેળો ભરાય છે અને પૂજા-અર્ચના થાય છે. પદ્મનાભજીના વંશજો આ પ્રસંગ દર વર્ષે ઉત્સવરૂપે ઉજવે છે અને હજારો ભક્તો દર્શનાર્થે આવે છે.

ઈતિહાસમાં જુદાજુદા સમયે પુરાણો રચાયા તે પૈકીનાં એક 'પદ્મપુરાણ'ની રચના પાટણના પ્રખ્યાત લહિયા બ્રાહ્મણ શ્રીમોહન ભટ્ટે વિક્રમ સંવત ૧૬૬૯(ઇ.સ.૧૬૧૩)માં કરેલી. જેમાં કુલ ૨૭ કડવાં અને ભજનના પ્રકાર અને પ્રભુના કીર્તનોનો સમાવેશ છે, જે 'વાણી'ના નામે પ્રસિદ્ધ છે. પાટણની ખત્રી જ્ઞાતિ પદ્મનાભના ખાસ સેવકો છે. તેમાં નીલકંઠ સ્વામી ખત્રીએ શ્રીપદ્મનાભની આજ્ઞાથી દૂધરેજની જગ્યા સ્થાપેલી અને શ્રીપદ્મનાભજીએ બરાબર એકસો એક વર્ષનું આયુષ્ય ભોગવીને નવધા ભક્તિમાં દાસ્ય(સેવા) ભક્તિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરેલો અને બ્રહ્મલીન થયા. હાલ પણ 'જય હરિ'ના સંબોધનથી પાટણના પ્રજાપતિઓ તેમણે વંદન કરે છે.[૩]

શ્રી પદ્મનાભ પ્રભુ પાટણમાં થયે આશરે પાંચસો વર્ષ ઉપરની અવધિ થઈ છતાં તેમની રચેલી પદ્મવાડી હાલ પણ વિદ્યમાન છે. તેમના સંતાનોમાં હરિદાસને કોઈ સંતતિ ન હતી. વિષ્ણુદાસ અપરણિત રહ્યા અને બ્રહ્મચારી જીવન જીવ્યા. હરજીની વંશવૃદ્ધિ થઈ અને 'સ્વામી' તરીકે ઓળખાતા હાલના પાટણના પ્રજાપતિઓ તેમના વંશજો છે એવું કર્ણોપકર્ણથી પણ જાણવા મળે છે. માધવદાસના વંશજો પણ 'સ્વામી' તરીકે ઓળખાવે છે. જેવી રીતે યાત્રાધામ અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિ નથી અને ગોખમાં યંત્રનો જ શણગાર થાય છે તે રીતે પાટણની પદ્મનાભ વાડીમાં આજે એકેય મૂર્તિ નથી. માત્ર પવિત્ર માટીના પહાડિયા(પિંડ આકારણી માટી) છે. જુદાજુદા દેવદેવીઓ અને ભક્તોની સ્થાપના પણ આ પ્રકારે છે. ઉત્સવ પ્રસંગોએ વસ્ત્ર શણગાર પણ આ માટીના પહાડિયા પર જ થાય છે. પદ્મનાભ વાડીમાં તેમના જ વંશજો પૂજા સેવા કરે છે.[૪]

આમ મધ્યકાલીન પાટણમાં પદ્મનાભ પ્રભુનું જીવનકવન તત્કાલીન સમાજજીવન પર પ્રભાવ પાડનારું અને આધ્યાત્મિક દષ્ટિએ અલૌકિક હતું. જે ભાવિકોમાં પૂજનીય વ્યક્તિ છે. જે આ પાટણ અને ગુજરાતની ભૂમિ માટે ગૌરવ અને પ્રેરણાદાયી છે.

- **રેવડિયા મેળો કે પદ્મનાભ મેળો** : ઉપર જણાવ્યા મુજબ પાટણમાં સ્થિત પદ્મનાભ વાડીનું નિર્માણ કારતક સુદ-૧૪(ચૌદશ)થી કારતક વદ-૫(પાંચમ) એમ સાત જ દિવસમાં થયેલું મનાય છે. તેથી આ સાત દિવસ દરમિયાન આ સ્થળે સપ્તરાત્રિ મેળો ભરાય છે. આ મેળામાં પાટણ સહિતના આસપાસના તમામ જ્ઞાતિના ભક્તો દર્શનાર્થે આવે છે અને મેળાની મજા માણે છે. અહીં મેળો મ્હાલવા આવતા ભક્તો ભગવાન પદ્મનાભજીને પ્રસાદી રૂપે રેવડીનો પ્રસાદ અર્પણ કરે છે. જે તલ, ગોળ અને ઈલાયચીની બનેલી હોય છે. ઉપરાંત આ મેળા સાથે જોડાયેલી પ્રજાપતિ સમાજની આસ્થા એવી છે કે જેમના દીકરાના લગ્ન થયા હોય તેઓ મેળાના પ્રથમ દિવસે પોતાના ઘરેથી પદ્મનાભ ભગવાનના મંદિર સુધી અને મંદિરથી ઘર સુધી એમ કુલ સાત ફેરા દંપતીએ ફરવા પડે છે. જે એક આસ્થાનું પ્રતિક મનાય છે. તેમજ મેળાના છેલ્લા દિવસે ભગવાન પદ્મનાભશ્રીનો વરઘોડો દીવાની જ્યોત સાથે નીકળે છે. જેમાં માનવ મહેરામણ ભક્તિભાવ સાથે ઊમટી પડે છે. તેમજ આરતી પણ થાય છે.[૫]

ઉપરાંત મેળામાં અવનવી ચીજવસ્તુઓના બજાર ભરાય છે. જેમાં આનંદપ્રમોદના સાધનો જેવા કે રંગબેરંગી ચગડોળો, રાઈડસો, નાવડીયો, ડ્રેગન, જમ્પિંગ જેવા અવનવા મનોરંજનના સાધનોનો મેળો થાય છે અને બાળકો સહિત તમામ લોકો મજા માણે છે. આ બજારમાં લોકો અવનવી વસ્તુઓ ખરીદે છે અને આ પ્રકારે એક રોજગારી મળે છે. ખાણીપીણીની દુકાનો પણ આ મેળામાં જોવા મળે છે. આ મેળા દરમિયાન વ્યવસ્થા જાળવવા મંદિરના ટ્રસ્ટીગણ, સ્વયંસેવકો, આરોગ્ય ટીમ, ફાયર સેફટી ટીમ તથા પોલીસ જવાનો ખડેપગે રહે છે.[૬] જે વાહનોના પાર્કિંગથી લઈને કોઈને પણ તકલીફ ના પડે તેની તકેદારી રાખે છે. જે એક સેવાનું કામ કરે છે.

આમ ગુજરાતમાં ભરાતા મેળાઓનો પોતાનો એક અલાયદો ઇતિહાસ છે. જેમાં માનવ સમાજનું સામાજિક, આર્થિક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક પાસું સંકળાયેલું હોય છે. ગુજરાતના જાણીતા મેળાઓ જેવા કે અંબાજીનો મેળો. તરણેતરનો ત્રિનેત્રેશ્વર મહાદેવનો મેળો, ઘેડનો મેળો, જાદરનો મુધણેશ્વર મહાદેવનો મેળો, શામળાજીનો મેળો વગેરેની જેમ પાટણનો પદ્મનાભ ભગવાનનો મેળો અથવા રેવડિયા મેળો પણ જાણીતો છે.

❖ **સંદર્ભ :**

**(૧)** ડો. મોતીભાઈ દેવું, "ભારતીત સંસ્કૃતિની પરંપરા લોકમેળાઓ(ગુજરાતનાં સંદર્ભમાં)", Cultural Traditions of India : Through The Ages, ICHRC, વાવ, ૨૦૨૧.

(૨) પરમાર ધરતિબેન ડી. "ગુજરાતનાં સાંસ્કૃતિક વારસા તરીકે લોકમેળાઓ અને લોકોઉત્સવો", એજન.

(૩) મનસુખ સ્વામી, *"સ્મરણિકા : રજત જ્યંતિ મહોત્સવ",* શ્રી ઉત્તર ગુજરાત ચોરાસી પ્રજાપતિ કેળવણી મંડળ, મહેસાણા, ૨૦૦૬, પૃ.- ૩૧,૩૨.

(૪) કાલિદાસ પ્રજાપતિ અને સંપાદન સમિતિ, (લે.-ભીખાભાઇ ઉ. માસ્તર), *"ગુજરાત પ્રજાપતિ પરિચયગ્રંથ",* ગુજરાત પ્રજાપતિ સભા, અમદાવાદ, ૧૯૭૮, પૃ.- ૩૩ થી ૪૬.

(૫) રૂબરૂ મુલાકાત : ડૉ. મનોજ એલ.પ્રજાપતિ, પાટણ, તા. ૨૫-૧૧-૨૦૨૪.

(૬) સંદેશ ન્યૂઝ પેપર-મહેસાણા આવૃત્તિ, તા.-૨૦-૧૧-૨૦૨૪, પૃ.-૨.